## યોગમાર્ગના આરાધકો

## સૂર્યવંશી આદ્યસંત - તપસ્વી - મહાન દાનેશ્વરી

# શ્રી રઘુ મહારાજ

લોહાણા જ્ઞાતિ સમાજમાં જન્મીને સંતત્વ ધારણ કરનારાં સાધુ - સંતો - તપસ્વી - મહાન દાનેશ્વરીના જીવન ચરિત્રનું મનોમન દર્શન કરતાં પહેલાં આપણાં પૂર્વજ આદ્યસંત તપસ્વી - મહાન દાનેશ્વરી રઘુ મહારાજનું સ્મરણ કરવું ઘણું જ યોગ્ય ગણાશે. લોહાણા વંશને રઘુવંશી વિશેષ નામ મળ્યુ છે તેવા આપણા પૂર્વજ આદ્યસંત - રઘુ મહારાજ ફક્ત રાજા ન હતાં. તેઓ ત્યાગી - તપસ્વી અને મહાન દાનેશ્વરી હતાં. સૂર્યવંશ (ઇક્ષ્વાકુ કુળ)માં રાજા અનેક થયાં. જેમાં મનુ, સત્યવાદી રાજા હરીશ્ચંદ્ર, દિલીપ, અજ, દશરથ અને જેને સમગ્ર હિન્દુ કોમ ભગવાન તરીકે પૂજે છે તેવા રામ જેવા આદર્શવાદી રાજાઓ થયાં. પણ આ સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળ સત્યવાદી હરિશ્ચંદ્ર, દિલીપ કે રામવંશ તરીકે નથી ઓળખાતો એ રઘુવંશના નામે ઓળખાય છે.

ઇક્ષ્વાકુ કુળના રાજાઓ ઉત્તમ પ્રજાપાલક, ત્યાગી અને મહાન પરાક્રમી હતાં. પરંતુ, તેમાં આપણાં પૂર્વજ રાજા રઘુની ત્યાગ તેમના પરાક્રમ અને તેમની દાનેશ્વરી તરીકેની નામના તેમને સંતની એ ભૂમિકા તરફ લઇ જાય છે કે, જેને કારણે તેમના વારસો આપણો આખો વંશ એ રાજશ્રી રઘુને પોતાનાં કુળનુ નામ અર્પણ કરી રઘુવંશી તરીકે ખ્યાતિ મેળવી હજારો વર્ષથી અંજલિ આપી રહ્યુ છે.

આદ્યસંત રઘુ મહારાજનાં જીવન ચરિત્રમાં જોઇએ તો, ઇક્ષ્વાકુ કુળમાં થયેલા ચક્રવર્તી રાજાઓમાં દિલીપ નામનો મહાપરાક્રમી રાજા થયો. આ રાજાને કોઇપણ સંતાન ન હતું. દિલીપ રાજા પુત્ર પ્રાપ્તિ માટે કુલગુરૂ વશિષ્ઠની સલાહ લેવા માટે તેમનાં આશ્રમમાં ગયા. વશિષ્ઠ ગુરૂ આરાધના અને તપની શક્તિથી જાણી ગયા કે, દિલીપ રાજાએ સુરભી કામધેનુની અવગણના કરી છે જેથી તેમનાં નસીબમાં સંતાનસુખ છે નહીં. ઋષિ વશિષ્ઠએ દિલીપ રાજા અને તેમની પત્નિ સુદક્ષિણાને કામધેનુની અવગણનાને કારણે તેના પુત્ર નંદિનીની સેવા કરવા ઉપદેશ આપે છે. દિલીપ મહારાજ અને રાણી સુદક્ષિણા નંદિનીની સેવા કરે છે અને નંદિનીના આશિર્વચનથી રાણી સુદક્ષિણાને ગર્ભ રહે છે. જ્યારે પુત્રનો જન્મ થયો ત્યારે પાંચ ગ્રહો ઉચ્ચસ્થાનમાં હતાં, તેથી આ ભાગ્યશાળી પુત્રનું નામ 'રઘુ' પાડવામાં આવ્યું. રઘુ મોટો થતાં વેદ-વિદ્યા, ધર્નુવિદ્યા અને બીજા વિદ્યાભ્યાસમાં પારંગત બન્યો, એ પછી યોગ્ય વયે રઘુના વિવાહ કરી તેમને યુવરાજની પદવી આપવામાં આવી.

દિલીપ રાજાએ સો અશ્વમેધ યજ્ઞ કરવાનો સંકલ્પ કર્યો હતો. જેમાંથી નવ્વાણું યજ્ઞો પુરા કરી તેણે સોમો અશ્વમેધ યજ્ઞ શરૂ કર્યો અને યજ્ઞનાં ઘોડાનું રક્ષણ કરવા માટે યુવરાજ રાજપુત્ર રઘુને તેમની આગેવાની સોંપી મોકલ્યા ત્યારે ઇન્દ્રને પોતાનું ઇન્દ્રપદ ગુમાવવાનો ભય લાગતા તેથી તે રઘુ સાથે ભિષણ યુદ્ધ ખેલવા લાગ્યા અને ઇન્દ્રનાં વજ્ર અસ્ત્રના પ્રહારથી પણ અણનમ રહેલ રઘુની વિરતાને જોઇ ઇન્દ્ર પ્રસન્ન થતાં અને તેને આશિર્વચન આપતા કહે છે કે, તારા પિતાનો યજ્ઞ તો પુરો નહી થાય જ પણ આ યજ્ઞનું ફળ તને જરૂર મળશે. યુવરાજ રઘુ પિતા પાસે જાય છે અને સઘળી હકીકત જાણી ખુશ થઇ દિલીપ રાજા રઘુને અભિનંદન આપે છે અને યુવરાજ રઘુનો રાજ્યાભિષેક કરે છે.

રઘુ રાજા બનતાં શરદઋતુમાં દિગ્વીજય કરવા માટે પ્રસ્થાન કરી તેઓ પૂર્વમાં સુહ્ય, કપીસા નદી ઓળંગીને ઉત્કલ અને કલિંગ, દક્ષિણમાં પાંડ્ય રાજાને હરાવી, શહીયાદ્રી વિંધીને અપ્રાંત પ્રદેશને જીતી ભૂમિમાર્ગે ઉત્તરમાં તેઓ પારસીકોને હરાવી હુણો અને કાંમ્બ્યજોને જીતી લઇ છેક હિમાલયમાં વસતા પર્વતવાસીઓને હરાવીને પ્રાગ્જ્યોતિષ અને કામરૂપનાં રાજાઓને પણ હરાવી પોતાનું વર્ચસ્વ સ્વિકારવા ફરજ પાડી અને આ બધા પ્રદેશોમાંથી જીતેલા ધનનો જથ્થો લઇ રાજધાનીમાં આવી રઘુરાજા વિશ્વજીત નામનો યજ્ઞ કરી આ દિગ્વીજયમાં જીતેલું અને પોતાની પાસે હતું તે સઘળું ધન તેઓ બ્રાહ્મણોને દક્ષિણામાં આપી દે છે.

સૂર્યવંશની એક અતૂટ પરંપરા રહી છે કે, વૃદ્ધાવસ્થામાં મુનિવૃત્તિ ધારણ કરી વનમાં પ્રયાણ કરી યોગસાધના કરતાં કરતાં પ્રાણને ત્યજવાં. પરંતુ રઘુરાજા આ ચીલો ચાતરી યુવાનવયે પોતાનું સર્વસ્વ ધન-સંપત્તિ બ્રાહ્મણો અને ગરીબ-ગુરબાઓને દાનમાં આપીને વનપ્રસ્થાન કરી વનમાં પર્ણકુટિર બનાવી અને ઉગ્ર તપસાધના કરે છે.

આ જ સમયે વરવંતુ નામનાં ઋષિનાં આશ્રમમાં કૌત્સ નામનો ઋષિપુત્ર વિદ્યાભ્યાસ કરતો હતો. તેનો વિદ્યાભ્યાસ પૂર્ણ થતાં ગુરૂએ તેને આશિર્વચન સાથે શીખ આપતા કહ્યુ કે, હે શિષ્ય કૌત્સ ધર્મનું પાલન કરજે, સદગ્રંથોનું અધ્યયન કરજે અને સાચુ બોલજે. એમ કહી ગુરૂ - ઋષિ વરવંતુએ કૌત્સને આશિર્વાદ આપ્યા. શિષ્ય કૌત્સે ગુરૂનાં ચરણ સ્પર્શ કરી ગુરૂદેવને ગુરૂદક્ષિણા માગવા વિનંતી કરી. પરંતુ ગુરૂ વરવંતુએ ગુરૂદક્ષિણા લેવાની ના પાડી છતાં કૌત્સે આગ્રહ કરતાં ગુરૂ વરવંતુએ કહ્યુ કે, હે વત્સ ! મે તને ચૌદ વિદ્યાઓ શિખડાવીને તને પારંગત બનાવ્યો છે તો તું મને ચૌદ કરોડ સોનામહોર લાવી દે. પરંતુ આટલી બધી સુવર્ણમુદ્રા આપવા શિષ્ય કૌત્સ સમર્થ ન હતો. તેણે વિચાર કર્યો કે ચૌદ કરોડ સુવર્ણમુદ્રિકા આપી શકે એવો સમ્રાટ તો કેવળ રઘુરાજા છે. આથી તે રઘુરાજાની રાજધાનીમાં આવ્યો જ્યાં તેને જાણવા મળ્યુ કે રઘુરાજા તો વનમાં પ્રયાણ કરી ઉગ્ર તપસ્યા કરે છે. આથી, કૌત્સ જ્યાં રઘુરાજા તપસ્યા કરતાં હતાં ત્યાં વનમાં ગયા જ્યાં રઘુરાજાએ કૌત્સનુ સ્વાગત કરી પધારવાનો હેતુ કહેવા જણાવ્યું. પણ કૌત્સે જોયું કે, રઘુરાજા વલ્કલ પહેરેલા છે અને પર્ણકુટિરમાં છે અને તેમની પાસે તો ફક્ત એક જ માટીનું પાત્ર છે, બીજી કોઇ સંપત્તિ તેમની પાસે નથી આથી બ્રહ્મબાળક કૌત્સ સુવર્ણમુદ્રાઓ માંગતા અચકાયો ત્યારે તપસ્વી રઘુરાજાએ કહ્યુ કે, હે બ્રહ્મદેવતા કૌત્સ, રઘુના દ્વારેથી આજ સુધી કોઇ દાન લીધા વગર પાછુ ગયુ નથી. માટે આપ અચકાયા વગર આપની ઇચ્છા દર્શાવો. ત્યારે કૌત્સે કહ્યુ કે, હે તપસ્વી રાજા રઘુ મારે ગુરૂદેવ વરવંતુને ચૌદ કરોડ સુવર્ણમુદ્રાઓ દાનમાં આપવાની છે. આથી, રઘુરાજાએ કહ્યુ કે, હે કૌત્સ મને પંદર દિવસનો સમય આપો.

ત્યાર બાદ તપસ્વી રઘુરાજા વિચારવા લાગ્યા કે, મે જ્યારે દિગ્વીજય કર્યો ત્યારે મારાથી જીતેલા પૃથ્વીના તમામ રાજાઓએ કર આપી દીધો

**સૌજન્ય : 'વિશ્વ લોહાણા પરિષદ', તંત્રી : શ્રી બાબુભાઇ કાનાબાર, જૂનાગઢ (ગુજરાત) મો. : ૯૯૨૪૨ ૬૦૧૪૬**